# ખેરોજ ત્રણ રસ્તા પરનું બિનઅધિકૃત દબાણ હટાવવા ઉગ્ર આંદોલન

## વાગોદરા જવાના રસ્તા સહીતની લાખો રૂપિયાની રસ્તા પૈકીની જમીનમાં દબાણથી ખેરોજ ગામના લોકોને હાલાકી

ખેડબ્રહ્મા, તા.૨૩

ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ સર્કલ ત્રણ રસ્તાથી ગામમાં જવાના રસ્તા ઉપર પાકું બાંધકામ કરી તથા ખેડાણ કરી ખેતી માટે ઉપયોગમાં લઈ રસ્તા પૈકીની લાખો રૂપિયાની જમીનનું બિનઅધિકૃત દબાણ દુર કરવા ખેરોજ ગામના લોકોએ ખેડબ્રહ્મા મામલતદારને આવેદનપત્ર આપી ઉગ્ર રજુઆત કરી હતી.

ખેરોજના મનસુરી કરીમભાઈ નુરભાઈ પરમાર બલવંતસિંહ કિશોરસિંહ- ચૌહાણ ઈન્દ્રસિંહ પરબતસિંહ- પંચાલ અમથાભાઈ મોહનભાઈ-ભાંભી જીવાભાઈ અમથાભાઈ- મહેતા શાંતિલાલ નેમચંદ સહીતના ગ્રામજનોએ ખેડબ્રહ્મા મામલતદારને આપેલ આવેદનમાં જણાવ્યા અનુસાર ખેરોજ સર્કલ ત્રણ રસ્તાથી ખેરોજ ગામ તરફ તેમજ લીંબડીયા જવાના રસ્તાની પશ્ચિમે વાગોદરા જવાના જુના રસ્તા ઉપર માંકડચંપાના ચૌહાણ બચુભાઈ મકનાભાઈએ બિન અધિકૃત રીતે દબાણ કર્યું છે. આ રસ્તા પૈકીની જમીન ઉપર મકાન બનાવી વસવાટ કરી ખેતી પણ કરે છે રસ્તા પૈકીની લાખો રૂપિયાની બે હજાર ચોરસ મીટર જમીનમાં બિન અધિકૃત રીતે દબાણ કરી ખેરોજ ગામના રહીશો માટે અવરવજર બંધ કરી દેવામાં આવી છે. બચુભાઈ ચૌહાણે ખેરોજ ગામ લોકો સાથે વારંવાર તકરાર કરી ધાક ધમકીઓ પણ આપે છે. આ બિન અધિકૃત દબાણ દૂર થાય તો આ જમીન સરકારી તેમજ સાર્વજનિક ઉપયોગમાં લઈ શકાય છે તેથી સરકારી ખર્ચે પોલીસ બંદોબસ્ત સાથે બિનઅધિકૃત દબાણ દુર કરવા ગામ લોકોએ મામલતદાર સહીત ખેરોજ સરપંચ તથા તલાટીને ઉગ્ર રજુઆત કરી છે.

ખેડબ્રહ્મા મામલતદાર એચ.એન. મોદીએ જણાવ્યું હતું કે ખેરોજ ગામના દબાણ અંગે સર્કલ ઓફીસરને પંચનામું કરવા જણાવવામાં આવ્યું છે. ત્યારબાદ મહેસુલી રાહે નિયમસર કાર્યવાહી કરવામાં આવશે.

# ભિલોડામાં ૩૪ મી.મી. વરસાદ

## શામળાજી અને સુનોખ પંથકમાં મેઘમહેર : મુરઝાતા ખેતીના પાકોને જીવતદાન

ભિલોડા, તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં ૩૪ મી.મી. વરસાદ પ્રજાજનો ત્રાહિમામ પોકારી ગયા હતા પરંતુ આજે બપોરે ૧:૦૦ વાગ્યાના સુમારે વીજળીના કડાકા-ભડાકા સાથે વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા.છેલ્લા કેટલાક દિવસોથી જાણે કે મેઘરાજા રીસાયા હોય તેમ લાંબો આવ્યા બાદ આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયા બાદ મેઘરાજાએ ધીમી-ધીમી ધારે પધરામણી કરતાં આવેલા સુનસર ગામ પાસે ડુંગરોમાંથી કુદરતી રીતે ઝરણાઓ વહેતા હોવાના કારણે લોકો દુર-દુરથી જોવા આવતા





વરસ્યો હતો. શામળાજી, સુનોખ, વાસેરાકંપા પંથકમાં મેઘમહેર મુરઝાતા ખેતીના પાકોને જીવતદાન મળતાં ખેડુતો ખુશખુશાલ બન્યા હતા. છેલ્લા ૧૦-૧૫ દિવસથી મેઘરાજાએ વિરામ લીધો હતો ત્યારે અસહ્ય ઉકળાટ, બાફભર્યા મહોલમાં વાવાઝોડું ફુકાયા બાદ ભિલોડા, શામળાજી, સુનોખ, વાસેરાકંપા, જાલીયા, ગડાદર પંથકમાં સાર્વત્રીક મેઘમહેર થતાં વાંઘા-કોતરોમાં વરસાદી પાણી વહેતા થયા હતા.

ભિલોડામાં ઠેર-ઠેર નીચાણવાળા રેસીડેન્ટ સોસાયટી વિરામ લીધો હતો. ખેડુતોમાં ભારે ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. અસહ્ય કાળઝાળ ગરમી અને ઉકળાટભર્યા માહોલમાં પ્રજાજનો અને ખેડુતો મુશ્કેલીમાં મુંકાયા હતા. આજે બપોરે ૧:૦૦ વાગ્યાના સુમારે એકા-એક વાતાવરણમાં નાટ્યાત્મક રીતે પલટો ખેડુતો અને પ્રજાજનો હરખાયા હતા. કપાસ, મગફળી, તુવેર, મકાઈ સહિત વિવિધ પ્રકારના ખેતરોમાં લહેરાતા મુરઝાતા પાકોને જીવતદાન મળતાં ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી હતી. ભિલોડા તાલુકાના અરવલ્લીની ગીરીમાળાઓ વચ્ચે હોય છે. ભિલોડા મામલતદાર કચેરી ડિઝાસ્ટર વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ આજ રોજ ભિલોડામાં ૩૪ મી.મી.વરસાદ ખાબક્યો હતો. સીઝનનો કુલ વરસાદ ૫૯૨ મી.મી. વરસાદ થયેલ હોવાનું જણાવ્યું હતું.

# શિક્ષણજગતની કઠણાઈ ટેટ-૧ પ્રશ્નપત્રમાં અસંખ્ય ભુલો : વિદ્યાર્થીઓમાં રોષ

મોડાસા, તા. ૨૩

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં લેવાયેલી ટેટ-૧ ની પરીક્ષાની બોર્ડ દ્વારા મુકાયેલી ફાઈનલ આન્સર-કી માં ભારે છબરડા રહી ગયા છે જેને લઈ હોંશિયાર વિદ્યાર્થીને નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા લેવાયેલી ટેટ-૧ ની પરીક્ષામાં માત્ર એકસો પચાસ પ્રશ્નો પણ પુરતી ચોકસાઈથી સેટ કરવામાં આવતા નથી કેટલાક પ્રશ્નોમાં બન્ને ઓપ્શન સાચા હોવા છતાં માત્ર એક જ ઓપ્શન સ્વિકારવાના કારણે મોટાભાગના વિદ્યાર્થીઓને અન્યાય થયો છે. મનો વિજ્ઞાનના વિષયમાં પ્રશ્નના જવાબ ઓપ્શન જ ખોટા હોવાથી તમામ વિદ્યાર્થીને ૧ માર્ક ફરજીયાત મળવાપાત્ર બનાવ્યો છે. પાઠ્યપુસ્તકના બહારના કોર્ષમાંથી કેટલાક પ્રશ્નો પુછવામાં આવે છે. જ્યારે એકસો પચાસ પ્રશ્નોના જવાબ ૯૦ મિનિટમાં આપવાના હોય છ જે ખૂબ જ કઠીન છે. રિઝલ્ટ ઓછુ આવવાના કારણમાં આ પરિબળ મહત્વનો ભાગ ભજવે છે. વિદ્યાર્થીઓને આવડતુ હોવા છતાંસમયના અભાવે રહી જાય છે. બોર્ડની નિતી ઓછામાં ઓછુ રિઝલ્ટ આપીને પરીક્ષાનું મહત્વ વધારવાની સંદિગ્ધ રીતિ અને નિતી દેખાઈ રહી છે.

## ગઢડા શામળાજી ખાતે તાલુકા અભ્યાસ વર્ગ યોજાશે


લક્ષ્મીપુરા પાસે આવેલ ગઢડા શામળાજી ખાતે બે દિવસીય તાલુકા કક્ષાના અભ્યાસ વર્ગો યોજાશે. ભારતીય કિસાન સંઘ દામાવાસ કંપા દ્વારા આગામી તા. ૨૫ અને ૨૬ ઓગસ્ટના રોજ ગઢડા શામળાજી ખાતે બે દિવસીય તાલુકા અભ્યાસ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ગમાં તાલુકાના દરેક ગામડાના બે ખેડૂતો જોડાઈ શકશે. જેમાં પ્રાંત યુવાવર્ગ, મહિલા વર્ગ અને સજીવખેતી વિષયક બાબતોની ચર્ચા કરવામાં આવશે.

# મોડાસામાં મેઘરાજાની એન્ટ્રી પ્રજાજનો અને ખેડૂતો ખુશખુશાલ

મોડાસા, તા. ૨૩

મોડાસા શહેરમાં આજે બપોર બાદ લાંબા સમયના વિરામ પછી વાતાવરણમાં અચાનક જ પલ્ટો આવતા કાળા ડિબાંગ વાદળો ચડી આવતા ફરી મેઘરાજાનું આગમન થતા ચારે બાજુ ઠંડક પ્રસરી જવા પામી હતી.

મોડાસા શહેર સહિત આસપાસના ગામડાઓમાં પ્રથમ વરસાદ બાદ વાવણી કરી દીધી હતી પરંતુ છેલ્લા



(તસવીર : જય અમીન, મોડાસા)

પંદર દિવસથી વરસાદ ખેંચાતા વાતાવરણમાં ગરમી વ્યાપી જવા પામી હતી. ફક્ત ચોમાસુ પાક તેમજ બિન પિયત ખેતી કરતા ખેડૂતોમાં ચિંતાની લકીરો ખેંચાઈ હતી અને મોઘાદાટ બિયારણો ફોગટ તો નહી જાય તેવો ભય સતાવી રહ્યો હતો. ત્યારે આજે ફરી અચાનક જ કાળા ડિબાંગ વાદળો ઘેરાતા મેઘરાજા મહેરબાન બન્યા હતા અને મનમુકીને વરસાદ વરસતા ખેડૂતો સહિત શહેરીજનોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

## તલોદ સ્ટેશન પ્રાથમિક શાળામાં ચિત્ર સ્પર્ધા યોજાઈ

તલોદ, તા.૨૩

તલોદ સ્ટેશન પ્રાથમિક શાળા નં.૨ ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ અંતર્ગત મારું ગામ સ્વચ્છ ગામ વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાની પાલ મનીષા અનિરૂદ્ધસિંહ પ્રથમ નંબરે અને વણઝારા ભુરી છનાજી દ્વિતીય નંબરે વિજેતા બની હતી.

# ડીસામાં નિશાચરોનો તરખાટ : બંધ મકાનનો લાભ ઉઠાવી ૨.૮૦ લાખની ચોરી

## ડીસામાં ધોળા દીવસે અવાર-નવાર ચોરીઓ થવાં છતાં પોલીસ તંત્ર કુંભકર્ણ નિંદ્રામાં

ડીસા શહેરમાં નિશાચરો રોજે રોજ તરખાટ મચાવી રહ્યા છે. જો કે આ નિશાચરો રાત્રેતો ચોરીઓ કરતા જ હતા પરંતુ હવે ધોળા દિવસે પણ



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ભરચક વિસ્તારોમાં બંધ મકાનોને નિશાન બનાવી રહ્યા છે. ધોળા દિવસે આ રીતે ખુલ્લે આમ ચોરીઓ થઈ રહી હોવાં છતાં પોલીસ તંત્રની કેમ ઉંઘ ઉડતી નથી તે ચર્ચાનો વિષય બની જવા પામ્યો છે. અવાર-નવાર નાની-મોટી ચોરીઓના બનાવો બનતા રહે છે. તેથી તેતો સાબિત જ થાય છે કે, ખરેખર પોલીસ તંત્રની ઉંઘ ઉડતી જ નથી. હજુ આ ચોરીનો તો ભેદ ઉકેલાયો નથી. ત્યારે આ બનાવ બાદ માત્ર ૧૨ કલાકમાં જ ત્રણ થી ચાર વધુ બનાવો બનવા પામેલ છે.

મળતી વિગતો અનુસાર, ડીસાની બરોડા બેંક પાછળ આવેલા વિસ્તાર લિલાશા નગર (શારદાપાર્ક) માં રહેતા આનંદકુમાર પ્રાણલાલ ઠક્કર (બ્યુરોચીફ-ન્યૂઝ લાઈન સીધા સમાચાર) જેઓ પોતાની પત્નિ બીનાબેન તેમજ તેઓના સાળા રાજુભાઈ સાથે પાટડી મુકામે લોકાચાર અર્થે ગયેલા હતા. જેઓ સવારે પોતાના બન્ને બાળકો યશ અને રીપલ ને શાળાએ મુકી આશરે ૮.૦૦ વાગ્યે નીકળેલ હતા. સાંજે શાળાએથી છુટ્યા બાદ બન્ને બાળકો પોતાના ઘરે આવેલ નહીં પરંતુ તેઓના મામાના ઘરે જતા રહેલ. તેમજ રાત્રીના અંદાજે ૯.૩૦ કલાકે આનંદભાઈ તેઓના પત્ની તેમજ સાળા સાથે તેઓનાસાળાના ઘરે ડીસા પરત આવેલ. ત્યા રાત્રી ભોજન કર્યા બાદ રાત્રે ૧૦.૩૦ કલાકે તેઓના બન્ને બાળકો તેમજ તેઓની પત્ની સાથે તેમના ઘરે આવેલ ત્યારે બીનાબેને ઘરના દરવાજાને તાળું મારેલું ન જોતાં હચમચી ગયેલ તેમજ દરવાજાને ધક્કો મારતા દરવાજો ખુલેલ નહીં. ત્યારબાદ તેઓ ઘરના પાછળના દરવાજે જતાં તે દરવાજો ખુલ્લી હાલતમાં જોવા મળેલ. અને જ્યારે તેઓ ઘરની અંદર ગયેલ ત્યારે તીજોરી ખુલ્લી હાલતમાં તેમજ જ્વેલરીના ખાલી બોક્ષ, તથા તમામ સામાન વેર વીખેર થયેલો જોવા મળેલ. ત્યારબાદ આનંદભાઈએ ડીસા શહેર ઉત્તર મથકે ફરીયાદ નોંધાવેલ અને પોલીસ સ્ટાફ ઘરના સ્થળે દોડી આવી તપાસ કરતાં રૂા. ૩૦૦૦૦ રોકડા, એક સોનાનું મંગળ સૂત્ર (દોઢ તોલાનું), ચાર વિંટીઓ, ચાર બંગડીઓ, ૨૦ ચાંદીના સિક્કા વિગેરે મળી કુલ અંદાજે રૂા. ૨,૮૦,૬૦૦/- ની ચોરી થઈ હોવાનું જાણવા મળેલ છે. આ બનાવ અંદાજીત સાંજના ૭ થી ૯ ના સમયગાળામાં બનવા પામેલ છે.

આ બાબતની ડીસા શહેર પોલીસ સ્ટેશન ખાયે ફરીયાદ નોંધાયેલ છે. ડીસા પોલીસે નિશાચરોને પકડવા ચક્રો ગતીમાન કર્યા છે.

# ભિલોડા તાલુકાના અજીતપુરા ગામની પરણીતાને સાસરીયાઓ દ્વારા શારિરીક, માનસિક ત્રાસ ગુજારી ગળદાપાટુનો માર મારતા ચકચાર

ભિલોડા, તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અજીતપુરા ગામની પરણીતાને સાસરીયાઓ ધ્વારા શારિરીક, માનસિક ત્રાસ ગુજારી ગળદાપાટુનો માર મારતા ચકચાર મચી જવા પામી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકાના અજીતપુરા ગામના મહેશભાઈ કાંતીભાઈ ડામોર, લીલાબેન કાંતીભાઈ ડામોર, નિતાબેન કાંતીભાઈ ડામોર આ ત્રણ ઈસમો ધ્વારા ચંદાબેન બરંડાને વારંવાર મ્હેણાંટોણા મારી કહેતા હતા કે તારે તો કોઈ સંતાન રહેતા નથી ? અમારે તને રાખવી નથી તેમ કહી અવાર-નવાર બિભત્સ અપશબ્દો બોલી ગળદાપાટુનો માર મારતા હતા અત્રે ઉલ્લેખનીય છે કે શારિરીક, માનસિક ત્રાસ સાસરીયાઓ ધ્વારા ચંદાબેન ઉપર ગુજારતા હતા જેના કારણે લગ્નજીવનના ટુંકાગાળામાં પરણીતા ચંદોબેન ત્રાહિમામ પોકારી ગઈ હતી. વાલજીભાઈ થાવરાભાઈ બરંડાની પુત્રી ચંદાબેન બરંડાએ અજીતપુરા ગામના તેના સાસરીયાઓ વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં મહેશભાઈ કાંતીભાઈ ડામોર, લીલાબેન કાંતીભાઈ ડામોર, નિતાબેન કાંતીભાઈ ડામોર વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસે ઈ.પી.કો.કલમ ૩૨૩, ૫૦૪, ૪૯૮ ક, ૧૧૪ મુજબ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.

## ભિલોડા એન. આર. એ. વિદ્યાલયમાં રાજ્યકક્ષાની બહેનોની ફુટબોલ ટુર્નામેન્ટ સ્પર્ધાનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો

ભિલોડા, તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા એન.આર.એ.વિદ્યાલયના પટ્ટાંગણમાં રાજ્યકક્ષાની બહેનોની ફુટબોલ ટુર્નામેન્ટ સ્પર્ધાનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે ડૉ.અશોકભાઈ રાવલ, એ.પી.ઝાલા, ગુણવંતભાઈ ત્રિવેદી, મનોજભાઈ પટેલ, હર્ષદભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ મહેતા, રોહિતભાઈ ત્રિવેદી, રમણભાઈ પટેલ, વી.ટી.ચૌહાણ, બાબુભાઈ પટેલ, મુકેશભાઈ ત્રિવેદી, ભિલોડા પી.એસ.આઈ. પી. એસ. પરમાર સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કમીશનર કચેરી, ગાંધીનગર પ્રેરીત જીલ્લા રમત-ગમત અધિકારી કચેરી અરવલ્લી ધ્વારા આયોજીત એન. આર. એ. વિદ્યાલય, આર. જે. તન્ના પ્રેરણા મંદીર અને સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ, ભિલોડાના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્ય કક્ષા અંડર-૧૭ સુબ્રટો ફુટબોલ બહેનો અને અંડર-૧૯ બહેનોની સ્પર્ધા કાર્યક્રમનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો.

# ૧૫ વર્ષથી શાળાઓમાં ભોજન અને પરીક્ષામાં પ્રથમ આવનાર બાળકોને શીલ્ડ એનાયત કરતા સરડોઈના દાનવીર

## ગરીબો અને વિધવાઓને પણ સહાયનું કામ કરતા આ દાનવીર

મોડાસા, તા.૨૩

કહેનારે સાચે જ એક કહેવત કહી છે છે ભગવાન ભુખ્યા ઉઠાડે છે પણ ભુખ્યા સુવાડતો નથી અને જો મન માં જો માણસ નકકી કરી લે કે મારે આ કામ કરવુ છે અડગ મન ના માનવી ને હિમાલય પર્વત પણ નગ્થી નડતો આવા જ એક મોડાસા તાલુકાના સરડોઈ પંથક ના દાનવીર ધ્વારા છેલ્લા ૧૫ વર્ષ થી સરડોઈ અને આજુબાજુ ના પંથક માં સેવા કરવાનુ બીડુ ઝડપયુ છે.

એક કહેવત પ્રમાણે ઈશ્વર કોઈક ને અને કોઈક ને તમારી મદદ માટે જરૂર મોકલી આપતા હોય છે. એ પ્રમાણે અરવલ્લી જીલ્લા ના મોડાસા શહરે થી ૪ કી.મી. દુર આવેલા નાકડા એક સરડોઈ ગા ના એક વ્યકતી ધ્વારા બાળકો ને પ્રોત્સાહીત કરવા માટે પ્રથમ ત્રણ નંબર ને સીલ્ડ આપવાનુ તથા શાળા માં બાળકો ને જમણવાર અને ગરીવિધવા મહિલાઓ ને કપડા તથા અનાજ આપવાનુ અને મૃતક મંડળો ને સજીવન કરવાનુ બીડુ ઝડપયુ છે.

સરડોઈ ગામ માં કરીયાણા ની દુકાન ધરાવતા ઈશ્વરચંદ્ર ભાવસામર જેઓ ૧૫ વર્ષ થી મનોમન સેવા પુન્ય કરવાનુ નકકી કરી ને બેઠેલા છે. તેઓ પોતાના રૂપીયાનો સદઉપયોગ કરી ને બાળકો ને પરોતસાહીત કરવાનુ તથા શાળાઓ માં પ્રથમ ત્રણ નંબરે આવનાર બાળકો ને પોતાના હસ્તે શીલડ આપી અને ભેટ સોગાદો આપી પ્રોતસાહીત કરે છે. અને વધુ માં



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

વિધવાઓ ને અને ગરીબો ને મદદ કરવી અને જરૂરીયાત મદો ને ગમે તે રીતે સહાય કરવી તે એમણે પોતાનો એક શોખ બનાવી લીધો છે. તો આવી જ રીતે તેઓ સરડોઈ પંથક માં આવેલી શાળાઓ માં જેમાં સરડોઈ મેઢાસણ દાવલી સામપુર ગઢડા નવા વાઘોડીયા રાજલી જેવા ગામો ની બાળકો ને બેસવા આસન પટ્ટા સ્લેટ પેન દફતર જેવી વસ્તુઓ જરૂરીયાત મંદ બાળકો ને પુરી પાડે છે. અને શાળા માં શ્રાધ્ધ,ક્ષ હોય તો બાળકો ને દુધ પુરી ઉનાળો હોય તો રસ પુરી શીખંડ પુરી જેવા જમણવાર કે જે ગરબી બાળકો ના નસીબ માં પણ ના હોય એ તે આ બાંળકો ને જમાડે છે.

ઈશ્વર ભાઈ જે કમાય છે તેનો ચોથો હિસ્સો આવા ગરીબો તથા વિધવાઓ અને જરૂરીયાત મંદ મંડળો ને આપે છે. જયારે એક મંડળ ચલાવતા મોતીભાઈ જણાવે છે. કે અમારૂ મંડળ સાવ મૃત અવસ્થા માં જ હતુ પરંતુ ઈશ્વર ભાઈ ધ્વારા અમારા મંડળ ને ૧૧ હજાર રૂપીયાનુ દાન કરી મંડળ ને બેઠુ કરવાનુ પ્રયત્ન કર્યો ત્યારે આજે તેમના લીધે અમારા મંડળ માં આજે ૧૧ લાખ રૂપીયા જેટલુ ભડોળ ભેગુ થવા પામ્યુ છે..

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦